HBH-757 Seat No.________

# B. A. (Sem. - II) Examination

## April / May – 2015

## EO-205 : Gujarati

## સાહિત્ય કૃતિનો અભ્યાસ : 'પૃથિવીવલ્લભ' : ક.મા. મુનશી

Time : 3 Hours] [Total Marks : 70

**સૂચના :** જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

૧ શ્રી કનૈયાલાલ મુનશીના સર્જક વ્યક્તિત્વનાં પ્રેરક-પોષક ઘટકબળો ચર્ચો. ૧૪

અથવા

૧ ગુજરાતી સાહિત્યજગતને મુનશીએ કરેલા અર્પણના આધારે તેમની સાહિત્યકાર તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓ મૂલવો. ૧૪

૨ નવલકથા સ્વરૂપનાં લક્ષણોના આધારે 'પૃથિવીવલ્લભ' નવલકથાની સમીક્ષા કરો. ૧૪

અથવા

૨ નવલકથાનાં સ્વરૂપગત લક્ષણોનો સવિસ્તર પરિચય કરાવો. ૧૪

૩ નીચેનામાંથી કોઈ પણ **બે** વિશે નોંધ લખો. ૧૪

(૧) મૃણાલવતીનું પાત્રચરિત્ર

(૨) રાજકેદી મુંજની સવારીનું વર્ણન

(૩) 'પૃથિવીવલ્લભ' નવલકથામાં ગૌણપાત્રો

(૪) મુંજ અને મૃણાલવતીનો પ્રથમ મેળાપ.

૪ ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) ૧૪

(૧) 'પૃથિવીવલ્લભ' નવલકથામાં વાતાવરણ

(૨) 'પૃથિવીવલ્લભ'માં મુનશીનું ભાષાકૌશલ્ય

(૩) 'પૃથિવીવલ્લભ' નવલકથાનો આરંભ - અંત

(૪) 'પૃથિવીવલ્લભ' નવલકથામાં રસનિરૂપણ.

૫ નીચેનામાંથી કોઈ પણ સાત પ્રશ્નોના બે-પાંચ વાક્યોમાં જવાબ લખો. ૧૪

(૧) બાળ તૈલપની કઈ જવાબદારી મૃણાલવતી પર આવી પડી હતી ?

(૨) મૃણાલવતી અને તૈલપના આગ્રહથી ભિલ્લમ કયું વરદાન માગે છે ? કેમ ?

(૩) 'તૈલંગણ તો શું પણ આખી પૃથિવી પર એનો જોટો તો બતાવ !' આ વાક્ય કોણ કયા સંદર્ભે ઉચ્ચારે છે ?

(૪) મૃણાલવતી મુંજની સવારી જોવા સંદર્ભે કેવી ગડમથલ અનુભવે છે ?

(૫) મૃણાલવતી સવારી જોવા આવવાનાં છે, એવી ખબર સાંભળતાં ગ્રામજનો કેવો ભાવ અનુભવે છે ?

(૬) ભિલ્લમની નિરાધારી શી છે તે જણાવો.

(૭) પાદપ્રક્ષાલન વિધિ વિશે સમજ આપો.

(૮) સત્યાશ્રય વિલાસવતીને કેમ મારી નાખે છે ?

(૯) લક્ષ્મીદેવીના વ્યક્તિત્વનો પરિચય કરાવો.

(૧૦) મુંજ સુરંગમાર્ગે ભોજ સાથે કેદખાનેથી કેમ ભાગી છૂટવા તૈયાર થતો નથી ?

(૧૧) 'દુનિયા તો ભૂંડી ને અજ્ઞાન છે ને રહેવાની. તમે તો તમારું જીવન સરસ કર્યું - ભલે દુનિયા ગમે તે કહે.' - આ વાક્ય કોણ ક્યારે બોલે છે.

(૧૨) મા સમાન મૃણાલવતી પ્રત્યે તૈલપ ક્યારે ગુસ્સે ભરાય છે ?

---